વડીલોને વંદન

અભિનંદન



રસીકલાલ જમનાદાસ ગાંધી
(૧૯૪૧) મો. ૯૪૨૬૫૬૯૪૭૫



સાબરકાંઠા જિલ્લામાં મુસ્લીમ બિરાદરોએ આનંદ અને ઉલ્લાસથી ઈદ ઉલ ફિત્રની ઉજવણી કરી હતી. રમજાન માસ પુર્ણ થતાં શુક્રવારે મુસ્લીમ બિરાદરોએ ઈદ મનાવી હતી. જિલ્લાના મુખ્યમથક હિંમતનગર સહિત તમામ મથકોએ ઈદગાહ અને મસ્જીદોમાં ઈદઉલ ફિત્રની નમાઝ અદા કર્યા બાદ મુસ્લિમ બિરાદરો એક બીજાને ભેટી ઈદની મુબારકબાદી પાઠવી હતી. હિંમતનગરના ઈદગાહ ખાતે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ ઈદ ઉલ ફિત્રની નમાજ અદા કરી હતી. (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

# અમિત શાહની અરજી પર સોમવારે સુનાવણી કરાશે

ગુજરાતના ભૂતપૂર્વ ગૃહપ્રધાન અમિત શાહની અરજી પર સોમવારના દિવસે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. દર બીજા શનિવારના દિવસે સીબીઆઈની ઓફિસમાં રિપોર્ટ કરવા તેમને આપવામાં આવેલા આદેશમાં સુધારા કરવાની માંગ કરીને ભાજપના વરિષ્ઠનેતા અમિત શાહ દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી જેના પર સોમવારના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે. ગુજરાતમાં પ્રવેશ કરવાની અમિત શાહને મંજુરી મળી ગયા બાદ કેટલીક શરતો તેના પર લાદવામાં આવી હતી. સોહરાબુદ્દીન શેખ બનાવટી એન્કાઉન્ટર કેસમાં ટ્રાયલને મુંબઈ સીફ્ટ કરવામાં આવ્યા બાદ અમિત શાહ પર કેટલાક સમય સુધી ગુજરાત પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો જો કે તેમને ચોક્કસ શરતો બાદ ગુજરાતમાં પ્રવેશ કરવાની મંજુરી મળી ગઈ હતી. વરિષ્ઠવકીલ એમએન ક્રિષ્ણામણીએ કોર્ટને ધ્યાન દોર્યુ છે કે આ કેસમાં આરોપી ભાજપના નેતાની અરજી ઉપર સોમવારના દિવસે સુનાવણી થશે.

## સિંધુ ભવને જળ પૂજન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના સેકટર-૩૦માં આવેલા ઝૂલેલાલ મંદિર-સિંધુ ભવન ખાતે તાજેતરમાં પવિત્ર સિંધુ નદીના જળપૂજનનો કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓ દ્વારા કથ્થક નૃત્યની સુંદર રજૂઆત કરવામાં આવી હતી.

પવિત્ર સિંધુ નદીનો જળપૂજન કાર્યક્રમ તાજેતરમાં ઝૂલેલાલ મંદિર - સિંધુ ભવન ખાતે યોજાયો હતો. આ પ્રસંગે સિંધુ યાત્રા સમિતિના અધ્યક્ષ ગૌતમભાઈ સમ્રાટ હાજર રહ્યા હતા. ગાર્ગીબેન પસારીના માર્ગદર્શન હેઠળ કથ્થક-નૃત્યની તાલીમ લઈ રહેલી વિદ્યાર્થિનીઓ દ્વારા સુંદર કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ચાહના દવે, મિતિ ભટ્ટ, વેદાંગી બ્રહ્મભટ્ટ, માનસી અજગર, જુહી મહેતા અને હિમાંશીએ ભાગ લીધો હતો. ઝૂલેલાલ સિંધી સમાજ, લોહાણા સમાજ અને ભારત વિકાસ પરિષદના સભ્યોએ સમગ્ર કાર્યક્રમને વધાવ્યો હતો.

## ગાંધીનગર વણકર સમાજ જોગ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજ દ્વારા સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે જીવન સાથી પરિચય સંમેલન સપ્ટેમ્બર-૨૦૧૩માં ગાંધીનગર મુકામે યોજાનાર છે. તો સમાજના આવા જરૂરી સેવા પક્ષમાં એકબીજાને મદદરૂપ થવા માટે સર્વે વણકર સમાજ ભાગ ભજવે આ સમગ્ર કાર્યક્રમમાં ફોર્મ મેળવવા અને તે પરત કરવા તેમજ અન્ય વધુ માહિતી માટે સંસ્થાના કાર્યાલય પ્લોટ નંબર-૨૨૮/૨, સેક્ટર-૫-એ ગાંધીનગર અથવા સંસ્થાના પ્રમુખ રમીલાબેન કાન્તિભાઈ પરમાર - ૯૪૨૭૬ ૦૧૫૧૫નો સંપર્ક કરવા જણાવેલ છે.

# સમર્પણ કોલેજનો સ્વીમીંગ વોટર પોલમાં દ્વિતીય ક્રમ




ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૮ ખાતે આવેલી સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્યા દ્વારા તાજેતરમાં સ્વીમીંગ વોટરપોલો સ્પર્ધાનું દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં સમર્પણ કોલેજનો દ્વિતીય ક્રમ આવ્યો હતો. વિજેતા વિદ્યાર્થીઓને કોલેજના આચાર્ય દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

સમર્પણ કોલેજના યજમાનપદે ગુજરાત યુનિ. દક્ષિણ વિભાગ સ્વીમીંગ-વોટરપોલો સ્પર્ધા યોજાઈ જેમાં ગુજરાત યુનિ.ની વિવિધ કોલેજોના ખેલાડી ભાઈઓ/બહેનો ખૂબ જ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાં એસ.વી.આઈ.ટી. વાસદ, પ્રથમ ક્રમે અને સરકારી કોમર્સ કોલેજ દ્વિતીય ક્રમે રહી હતી જયારે વોટર-પોલો સ્પર્ધામાં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધોળકા પ્રથમ ક્રમે અને સમર્પણ કોલેજ ગાંધીનગર દ્વિતીય ક્રમે રહી હતી.

સ્વીમીંગ વોટરપોલો સ્પર્ધાને સમર્પણ કોલેજના આચાર્ય ડૉ. રૂચાબેન બ્રહ્મભટ્ટે દિપ પ્રાગટય દ્વારા ખુલ્લી મુકી હતી. આ પ્રસંગે કોલેજના ઉપાચાર્ય ડૉ. દિપકભાઈ પંડયા, ગુજરાત યુનિ. દક્ષિણ વિભાગ સ્થાનિક રમત ગમત સમિતિના સેક્રેટરી ડૉ. કે.જે. ચૌધરી, સભ્ય એ.જી. પટેલ અને સમર્પણ કોલેજના પી.ટી.આઈ. મહેન્દ્રભાઈ મોડિયા ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે રૂચાબેન બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, 'રમત ફકત હાર-જીત માટે ન રમતાં પોતાની જાતને જીતવા તથા સ્વસ્થ રાખવા માટે રમવું. વ્યકિત સ્વસ્થ હશે તો માણસનો સર્વાંગી વિકાસ ખૂબ જ સરળ બની રહેશે.' આ સ્પર્ધાનું સફળ સંચાલન સમર્પણ કોલેજના પી.ટી.આઈ. મહેન્દ્રભાઈ મોડિયાએ કર્યું હતું. જેમાં કોલેજના અધ્યાપક સુરેન્દ્રસિંહ વાઘેલાએ સહયોગ આપ્યો હતો.

## આજે કબીર યોગાશ્રમનો સત્સંગનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૯

મહંત શ્રી ૧૦૮ શ્રી પંડિતશ્રી ચરણદાસજી સાહેબ બાપુ કબીર યોગાશ્રમ લીંબડી જિલ્લો સુરેન્દ્રનગરનો સત્સંગ કાર્યક્રમ આજે તા. ૧૦મી ઓગષ્ટ ૨૦૧૩ને શનિવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ઓડિટોરીયમ હોલ, ચ-૫ નજીક, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યો છે. સત્સંગ પ્રવચન સતત બીજા વર્ષે રાખેલ હોઈ ધર્મપ્રેમી ભાઈ બહેનોને સત્સંગનો લાભ લેવા ખાસ જણાવ્યુ છે.

## કુ. વિરાજ રાઠોડનો તરણ સ્પર્ધામાં પ્રથમ નંબર

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરની જાણીતી ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજની વિદ્યાર્થીનીએ તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટીની તરણ સ્પર્ધામાં જુદા જુદા વિભાગમાં પ્રથમ અને દ્વિતીય નંબર મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું હતું.

કોલેજની વિદ્યાર્થીની કું. વિરાજ રાઠોડે સેકટર-૧૯ જીમખાના ખાતે યોજાયેલી દક્ષિણ વિભાગ ગુજરાત યુનિવર્સિટી સ્વીમીંગ સ્પર્ધામાં ૧૦૦મી ફ્રી સ્ટાઈલ, ૫૦ મી. બેકસ્ટ્રોક, ૧૦૦ મી. બેક સ્ટ્રોક સ્પર્ધામાં પ્રથમ નંબર તેમજ ૫૦ મી. બેક સ્ટ્રોક સ્પર્ધામાં દ્વિતીય ક્રમે રહી કોલેજનું ગૌરવ વધાર્યુંછે. કુ. વિરાજ રાઠોડની આ સિદ્ધિ બદલ કોલેજ પરિવારે તેને અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રાંતિજ તાલુકામાં દશામાના વ્રતનો પ્રારંભ

પ્રાંતિજ, તા.૯

પ્રાંતિજ શહેર તેમજ તાલુકાના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં મહિલાઓ દ્વારા મા-દશામાની મૂર્તિની સ્થાપના કરી દશ દિવસના ઉપવાસ કરી માને રીઝવવા છેલ્લા દિવસે જાગરણ કરી દશા માનું વ્રત કરી મા ના આર્શીવાદ પ્રાપ્ત કરેલ છે.

પ્રાંતિજ તેમજ આજુબાજુના ગામડાઓમાં ગત તા. ૬ ઓગષ્ટ ૨૦૧૩ને મંગળવારથી દશામાની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. દશ દિવસ સવાર સાંજ બહેનો દ્વારા પૂજા કરવામાં આવે છે અને જુદી જુદી અનેક પ્રકારની પ્રસાદ અર્પણ કરી માને રિઝવવામાં આવે છે, મહિલાઓની સાથો સાથે પુરુષો પણ માતાજીનું આ વ્રત કરતા હોય છે. પ્રાંતિજના દશામાના મંદિરે પણ હવન, પૂજા, ધજા ચઢાવવામાં આવે છે. દર વર્ષે દસ દિવસ મંદિરમાં ધામધુમથી ઉજવણી કરવામાં આવે છે. મંદિરના વ્યવસ્થાપક નિત્યાનંદભાઈએ જણાવેલ કે દસ દિવસ પછી દશામાની મૂર્તિનું દસમા દિવસે સારા ચોઘડીયામાં આરતી ઉતારીને મૂર્તિને નદીમાં વિસર્જન કરવામાં આવે છે. દશામાનો આ પવિત્ર પ્રસંગ ગામડાના લોકો ખુબ રંગેચંગે મનાવે છે.

### સિન્ડીકેટ સભ્ય ડૉ. હિમાશુ પટેલ દ્વારા જોરદાર રજુઆત

# આદેશપાલને સસ્પેન્ડ કરીને કૌભાંડોની તપાસ કરવા માંગ

### આદેશપાલે અનેક કૌભાંડો આચરી વિદ્યાર્થીઓનું અહીત કર્યું છે : ઉચ્ચકક્ષાએ સઘન તપાસ કરવાની માંગણી થઈ

અમદાવાદ, તા.૦૯

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પદેથી ગુરૂવારે આદેશપાલનું રાજીનામું રાજ્ય સરકાર દ્વારા લઈ લેવામાં આવ્યું છે ત્યારે સિન્ડીકેટ સભ્ય ડૉ. હિમાશુ પટેલે આક્ષેપ કર્યો છે કે આદેશપાલે અનેક કૌભાંડો આચરી વિદ્યાર્થીઓનું અહીત કર્યું છે. જેથી સામે રાજ્ય સરકારે માત્ર રાજીનામુ લઈ તેમની ભૂલો ઉપર ઢાંક પિછાડો કરવાનો પ્રયાસ કર્યો છે. આદેશપાલનું રાજીનામુ નહીં તેમને સસ્પેન્ડ કરી તેમણે આચરેલા કૌભાંડોની ઉચ્ચકક્ષાએ સઘન તપાસ કરાવવી જોઈએ.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પદેથી આદેશપાલની હકાલપટ્ટી બાદ શિક્ષણ ક્ષેત્રમાંથી ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે જેમાં ગુજરાત યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્ય હિમાશુ પટેલે જણાવ્યું હતું કે ૨૫૦ કોલેજો અને ચાર લાખ કરતા વધુ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કર્યા છે. જેથી તેમનું માત્ર રાજીનામુ લઈને જવા દઈ શકાય નહીં. આદેશપાલે ૧૧ મહીનાના કુલપતિ તરીકેના કાર્યકાળમાં ડઝનબંધ કૌભાડોની હારમાળા સર્જી હતી. આમ છતાં રાજ્ય સરકારે માત્ર તેમનું રાજીનામુ લઈને તેમની ભુલો ઉપર ઢાંક પિછાડો કરવાનો પ્રયાસ કર્યો છે.

વધુમાં હિમાશુ પટેલે જણાવ્યું હતું કે આદેશપાલના એક હથ્થુ શાસન સામે વિદ્યાર્થીઓ દ્વારા આંદોલનો કરવા સાથે સરકારમાં અનેક રજુઆત કરાઈ હતી અને મીડીયાના માધ્યમથી તેમનાં કૌભાંડોનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. જેના કારણે ભાજપ યુવા મોરચાએ પણ આદેશપાલ વિરૂદ્ધ લડાઈ આપવાની ફરજ પડી હતી. તેમ છતાં આદેશપાલે પોતાની મનમાની ચાલુ રાખીને શિક્ષણ જગતનું સહીત કરી ગુજરાત યુનિવર્સિટીની ઈમેજને કાળોબટ્ટો લગાડવાનું કામ કર્યું છે. ત્યારે રાજ્યસરકારે ગુજરાત યુનિવર્સિટી ઈમેજ સુધારવા માટે આદેશપાલનું માત્ર રજીનામુ લઈને તેમને માફ કરી શકાય નહીં. જેથી તેઓ પાટણ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે ફરી ચાર્જ સંભાળે તે પહેલા તેમને સસ્પેન્ડ કરી તેમણે લીધેલા તમામ નિર્ણયો, કૌભાંડોની ઉચ્ચસ્તરીય ન્યાયિક તપાસ કરવી જોઈએ. અને તપાસના આધારે આદેશપાલને કડકમાં કડક સજા કરવી જોઈએ. ઉલ્લેખનીય છે કે આદેશપાલ વિરૂદ્ધ થઈ રહેલા આક્ષેપો અને તેમનો વધત જતો વિરોધ જોઈ રાજ્ય સરકારે ગુરૂવારે આદેશપાલનું રાજીનામુ લઈ લીધુ હતું.

# ગાંધીનગર સહીત રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદ

### અમદાવાદમાં મોસમનો કુલ વરસાદ આજ સુધીમાં ૨૯ ઈંચ નોંધાયો છે : આજે વરસાદી ઝાપટા પડવાની આગાહી


અમદાવાદ, તા.૦૯

અમદાવાદ શહેર સહીત રાજ્યના કેટલાક વિસ્તારોમાં આજે વરસાદ પડ્યો હતો. અમદાવાદમાં દિવસ દરમિયાન વરસાદના હળવા ઝાપટા તો ક્યારેક માત્ર છાંટા પડ્યા હતા. અમદાવાદમાં મોસમનો કુલ વરસાદ આજ સુધીમાં ૨૯ ઈંચ નોંધાયો છે. જ્યારે ગત વર્ષે આટલા સમયગાળામાં વરસાદ માત્ર ૬ ઈંચ જેટલો નોંધાયો હતો.

અમદાવાદમાં આજે દિવસ દરમિયાન આકાશ વાદળછાયુ રહ્યું હતું અને ક્યારેક કેટલાક વિસ્તારોમાં વરસાદનું હળવું ઝાપટું અથવા છાંટા પડ્યા હતા. સાંજે વરસાદ તુટી પડશે એવું લાગતુ હતું પરંતુ માત્ર છાંટા જ પડ્યા હતા. અમદાવાદમાં આજે પશ્ચિમ ઝોનમાં વાસણામાં પ્રવિણનગર વણઝારા વાસ પાસે એક ભૂવો પડ્યો હતો. રાજ્યમાં આજે સિદ્ધપુરમાં ૨૬ મીમી, રાધનપુરમાં ૧૨ મીમી અને પાટણમાં ૦૫ મીમી વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગની આગાહી છે કે રાજ્યના તમામ જીલ્લા, દીવ, દમણ, દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે. આવતીકાલે અમદાવાદમાં કેટલાક વિસ્તારોમાં વરસાદના ઝાપટા પડી શકે છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૧.૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૬.૦ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮:૩૦ વાગે ૮૯ ટકા અને સાંજે ૫:૩૦ વાગે ૮૫ ટકા નોંધાયું હતું.

અમદાવાદ શહેરમાં તાજેતરમાં જ સતત સારો વરસાદ પડ્યો હતો પરંતુ હવે વરસાદમાં બ્રેકની સ્થિતિ સર્જાયેલી છે. પરંતુ જાણકાર લોકોનું કહેવું છે કે વરસાદની સિઝન પૂરી થાય તે પહેલા હજુ પણ રાજ્ય સહીત અમદાવાદમાં સારો વરસાદ નોંધાશે. તંત્ર દ્વારા પણ વરસાદની સ્થિતિના કારણે કોઈ તકલીફ ન પડે તે માટે પગલા લેવાઈ રહ્યા છે. હાલમાં જુદા જુદા વિસ્તારોમાં વરસાદના કારણે પડેલા ભૂવાના કારણે તંત્રની વ્યાપક ટીકા સામાન્ય લોકો દ્વારા કરવામાં આવી રહી છે. વરસાદમાં બ્રેકની સ્થિતિમાં આ ભૂવા અને ખાડાને પૂરી દેવાનો સમય તંત્ર પાસે રહેલો છે.

## શબ્દાવલી - ૫૧૪૫



**આડી ચાવી**

૧. ઘરેણા-કપડા વગેરે (૫)
૪. 'યજ્ઞ'નું ગુજરાતી (૧)
૫. જન્મદિવસની પાર્ટીમાં... તો હોય જ (૨)
૬. વસ્તુઓની..., લીસ્ટ (૨)
૮. બ્રહ્મા-વિષ્ણુ ... ત્રણ મુખ્યદેવ (૩)
૧૦. જેલ, કેદ (૪)
૧૨. પુસ્તકાલય (૫)
૧૩. સફેદ કપડાં ધોઈને... કરાય (૨)
૧૮. પાલવ (૩)
૨૦. આચરવું તે, ...કરવું (૪)
૨૧. જમ (૨)
૨૨. છીંકણી (૩)

**ઊભી ચાવી**

૧. શંકા, શક (૩)
૨. લંકાના રાજા (૩)
૩. કાગડો (૨)
૬. મિત્રતા, દોસ્તાના (૩)
૭. ભીંત (૩)
૯. આશ્ચર્ય (૩)
૧૦. શીશો (૨)
૧૧. 'યશ' શબ્દ ઊંધો (૨)
૧૨. મોરલી, બંસરી (૩)
૧૩. ધર્મ (૪)
૧૪. લગની, ધૂન (૩)
૧૬. ઉડવાવાળા પક્ષીઓ (૩)
૧૭. તીખારો (૩)
૧૯. ખાવાની વસ્તુ (૨)
૨૦. ... કાલ કરતાં વર્ષો થઈ ગયા (૨)

### શબ્દાવલી ૫૧૪૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) હડધૂત (૪) બજેટ (૬) તાડપત્રી (૭) પથારો (૯) સીકર (૧૧) ચોખા (૧૩) ગડદાપાટુ (૧૪) ચોક (૧૬) રથી (૧૭) ટમી (૧૮) લીન (૧૯) જગન (૨૧) ડફોળ (૨૨) ભગ્ન

**ઊભી ચાવી :-** (૧) હડપ (૨) ધૂતારો (૩) તડ (૪) બત્રીસી (૫) ટકોર (૮) થાગડથીગડ (૧૧) કરચોલી (૧૧) ચોપાટ (૧૨) ખાટુમીઠુ (૧૩) ગરજ (૧૫) કનક (૨૦) નફો

## કોલવડા પ્રાથમિક વિદ્યામંદિરનો ભૂમિપૂજન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૯

કોલવડા કેળવણી મંડળ સંચાલિત શ્રી રણછોડભાઈ અંબાલાલ લલ્લુદાસ પટેલ પ્રાથમિક વિદ્યામંદિરનો ભૂમિપૂજન સમારોહ તાજેતરમાં કે.કે. પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે સંપન્ન થઈ ગયો.

શ્રી રણછોડભાઈ અંબાલાલ પટેલ પ્રાથમિક વિદ્યામંદિરના નવીન મકાનનું ભૂમિપૂજન મુખ્ય દાતા રણછોડભાઈ અંબાલાલ લલ્લુદાસ પટેલના વરદહસ્તે યોજાયું હતુ. આ પ્રસંગે પ્રાથમિક શાળાના ભૂલકાઓ દ્વારા 'જય જય ગરવી ગુજરાત' કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. બાળકોની સુંદર રજૂઆતને ધ્યાને લઈ ઉનાવા શાળાના આચાર્ય ડી.કે. ચૌધરીએ ૧૦૦૦ રૂ. અને પ્રમુખ પ્રવીણભાઈ પટેલ, મંત્રી છત્રસિંહ વાઘેલાએ ૫૦૦-૫૦૦ રૂ. ઈનામ આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે પાણી પુરવઠા સિંચાઈ મંત્રી ગુજરાત રાજ્યના નાનુભાઈ વાનાની ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને પોપટલાલ પટેલ તથા સમારોહના અધ્યક્ષ તરીકે મનુભા પ્રતાપસિંહ વાઘેલા પૂર્વ ડેપ્યુટી સરપંચ કોલવડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### કંપની સમાચાર

## ઈન્ડિયા પલ્સીસ એન્ડ ગ્રેઈન્સ એસોસિએશન જાહેર કરે છે પલ્સીસ કોન્કલેવ ૨૦૧૪

પલ્સીસ અને ગ્રેઈન્સ ઉદ્યોગ અને વેપારની દેશની સર્વોચ્ચ સંસ્થા ઈન્ડિયા પલ્સીસ એન્ડ ગ્રઈન્સ એસોસિએશન (આઈપીજીએ) દ્વારા વૈશ્વિક પલ્સીસ ઉદ્યોગ અને વેપાર માટે તેના કોન્કલેવની બીજી આવૃત્તિ ધ પલ્સીસ કોન્કલેવ ૨૦૧૩ની જાહેરાત કરવામાં આવી છે.

પલ્સીસ કોન્કલેવ ૨૦૧૪ને ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ (ગ્રાહક બાબતોનો વિભાગ)નો ટેકો છે. આ કોન્કલેવ ગોવાની ગ્રાન્ડ હયાતમાં ૧૯-૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૪ વચ્ચે યોજવાની જાહેરાત કરવામાં આવી છે.

આઈપીજીએના ચેરમેન શ્રી પ્રવીણ ડોંગરેએ ધ પલ્સીસ કોન્કલેવ ૨૦૧૪ વિશે જણાવ્યું હતું કે ભારત પલ્સીસનો સૌથી વિશાળ ઉત્પાદક અને આયાતકાર છે ત્યારે આ કોન્કલેવ વૈશ્વિક અને ભારતીય હિસ્સાધારકો માટે એકત્ર આવવા, જોડાણ કરવા અને વેપારની તકોનો લાભ લેવા માટે આદર્શ મંચ બની રહેશે. આ કોન્કલેવથી પલ્સીસ ક્ષેત્રના હિસ્સાધારકો દુનિયાભરમાંથી વેપાર સહયોગી સાથે નેટવર્ક વિસ્તારીને એક વર્ષ અગાઉથી તેમની વેપાર વ્યૂહરચનાનું નિયોજન કરી શકશે.

પલ્સીસ કોન્કલેવ ૨૦૧૪નું ઉદઘાટન ગ્રાહક બાબતોના સેક્રેટરી શ્રી પંકજ અગરવાલા અને સીઆઈસીઆઈએલએસ (વૈશ્વિક કન્ફેડરશન)ના પ્રમુખ હાકન બાહકેસીને હસ્તે થશે. તેઓ પલ્સીસ અને તેની વૈશ્વિક ખાદ્ય સુરક્ષામાં ભૂમિકા પર વકતવ્ય પણ આપશે. કોન્કલેવની રૂપરેખા નિષ્ણાતોની નામાંકિત પેનલ દ્વારા પલ્સીસ માર્કેટ એન્ડ પ્રાઈસ આઉટલૂક ફોર ૨૦૧૪-૧૫ રહેશે.

## વીજ ઉત્પાદન ઠપ્પ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ મેળવેલુ છે. આ ઉપરાંત પર્યાવરણ માટેનું પ્રમાણપત્ર પણ મેળવેલ છે.

વીજ ઉત્પાદન ક્ષેત્રે અનેકવાર રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ મેળવનાર ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન એકાએક બિમાર પડી જવા પામ્યુ હોવાને લઈ અનેક તર્કવિતર્ક પાટનગરમાં વહેતા થયા છે.

ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનનું ૨૧૦ મે.વો.ની ક્ષમતા ધરાવતુ એક યુનિટ વાર્ષિક મરામત માટે શટડાઉન કરાયુ હોવાનું વીજ વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે. જો કે પાંચેય યુનિટો બંધ થયા હોવાથી લોકોમાં પણ હવે શંકાના વાદળો ઘેરાવા લાગ્યા છે.

ઊર્જા વિભાગના સૂત્રોનું માનવું છે કે ચોમાસાના પગલે વીજમાંગમાં ઘટાડો થયો છે. તેમજ હાલ સરકારને ૨૫૦ મે.વો. જેટલુ સોલાર પાવર સ્ટેશન પણ ઉત્તર ગુજરાતમાંથી પ્રાપ્ત થઈ રહ્યું છે. તેમજ હાઈડ્રો પાવર જનરેશનથી પણ વીજ માંગને પહોંચી વળવામાં આવી રહ્યું છે.

રાજ્યમાં થર્મલ વીજ ઉત્પાદન મોઘુ પડી રહ્યાની વાતો સરકાર પણ કરી રહી છે એટલે ગાંધીનગરના વીજમથકો ક્યારે ઉત્પાદન કરતા થશે તેને લઈ પણ પ્રશ્નાર્થો ઉભા થયા છે.

ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીકસીટી કોર્પોરેશન હસ્તકના આ પાંચેય યુનિટોની મરામત પાછળ પણ મોટો ખર્ચ કરવો પડશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

## મેળાનું સ્વરૂપ બદલાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહીતની કીટોનું વિતરણ કરવામાં આવે છે. એક જ કાર્યક્રમના નેજા હેઠળ વિવિધ યોજનાના લાભાર્થીઓને એક સાથે લાભો આપવામાં આવે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હવે રાજ્ય સરકાર ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા લાભાર્થીઓને આપવામાં આવતી સહાયની પ્રક્રિયામાં ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે. અને અમુક જ યોજનાઓના લાભાર્થીઓને ગરીબ કલ્યાણ મેળાઓમાં સહાયનું વિતરણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમો અંગેની એક સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ગરીબ કલ્યાણ મેળાના કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવીહતી અને તેમાં ગરીબ કલ્યાણ મેળામાં કેટલાક ફેરફાર કરવા અંગેના સૂચનો સરકારને મળવા પામ્યા હતા.

આ સૂચનોને પગલે રાજ્ય સરકાર હવે ગરીબ કલ્યાણ મેળા કાર્યક્રમમાં કેટલાક ફેરફારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી સપ્ટેમ્બર માસમાં રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવનાર છે. આ માટે પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે યોજવામાં આવનાર ગરીબ કલ્યાણ મેળા દરમ્યાન કેટલીક યોજનાનો સમાવેશ કરવામાં આવનાર નથી. આ વખતે માત્ર કેટલીક પસંદ કરવામાં આવનાર યોજનાઓનો જ ગરીબ કલ્યાણ મેળાઓમાં સમાવેશ કરવામાં આવનાર છે. અને મોટી યોજનાઓના લાભાર્થીઓને લાભો આપવામાં આવનાર છે અને મોટી સહાયનું જ વિતરણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.